**વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી–૩૯૬૪૫૦**

# પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળના તમામ શિક્ષણ, સંશોધન, અને વિસ્તરણ કેન્દ્રો/વિભાગોના વડાઓને જણાવવાનું કે, ડીજીટલ એગ્રીમીડીયા, ગાંધીનગર હાલ ટેલીવીઝન અને ઈલેકટ્રોનિકસ મીડીયા તરીકેની કામગીરી કરે છે, જેના દ્વારા ખેડૂતોને ઉપયોગી થાય તેવા કૃષિલક્ષી ટીવી કાર્યક્રમો તૈયાર કરવામાં આવે છે. ગુજરાત રાજયના ગામડાઓમાં વસતા કૃષિ પરીવારો સુધી કૃષિ વિષયક જાણકારી પુરી પાડવા માટે કૃષિ, બાગાયત, પશુપાલન, સહકાર, કૃષિ બજાર, કૃષિ ઈજનેરી, કૃષિ વ્યવસ્થાપન, મરઘાપાલન, મત્સ્યપાલન, એગ્રો ફોરેસ્ટ્રી, ડેરી, સિંચાઈ, જળસંચય, બીજ વિજ્ઞાન વિ. બાબતો અંગેની ખેડૂતલક્ષી ટૂંકી ફિલ્મો અને એગ્રી ન્યુઝ તૈયાર કરીને વિવિધ ચેનલો અને પ્રચાર માધ્યમો દ્વારા તેનું પ્રસારણ કરે છે.

રાજય સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરના પરીપત્ર નં. પરચ–૧૦૨૦૦૮–મં. ૭૧–ક–૭ તા.૧૦/૧૧/૨૦૦૮થી ઉપરોકત હેતુ માટે રાજયની કૃષિ યુનિવર્સિટીઓને ફિલ્મના નિર્માણ માટે ડીજીટલ એગ્રીમીડીયા ને સહયોગ આપવા જણાવવામાં આવેલ છે. દુરદર્શન ડીડી–ગીરનાર તરફથી ડીજીટલ એગ્રીમીડીયાને સમૃધ્ધિ ટપકે ટીપે ટીપે... કૃષિ કાર્યક્રમના નિર્માણની કામગીરી પણ સોંપવામાં આવેલ છે. આ કૃષિ કાર્યક્રમ દર રવિવારે સાંજે ૬:૩૦ અને દર સોમવારે સવારે ૯:૧૫ કલાકે ડીડી–ગિરનાર પરથી પ્રસારીત થાય છે. આ પ્રકારની ખેડૂતોપયોગી પ્રવૃત્તિને ધ્યાનમાં લઈને **ડીજીટલ એગ્રીમીડીયા, ગાંધીનગરને નવસારી કૃષિ યુનિવર્સિટીના વિવિધ શિક્ષણ/ સંશોધન/વિસ્તરણ કેન્દ્રોના કાર્યક્રમોની ફિલ્મના નિર્માણ માટે પરવાનગી આપવામાં આવે છે.** આ માટે યુનિવર્સિટીના વિવિધ શિક્ષણ/સંશોધન/વિસ્તરણ કેન્દ્રો/યોજનાઓની પ્રવૃત્તિઓનું રેકોર્ડિંગ કરવાનું થાય ત્યારે સબંધિત વિભાગના વડાએ જરૂરી સહયોગ પુરો પાડવાનો રહેશે.

વધુમાં નવસારી કૃષિ યુનિવર્સિટીની શિક્ષણ અને વિસ્તરણ પ્રવૃત્તિઓની માહિતી તેમ જ સંશોધન ભલામણોનું ઉપલબ્ધ સાહિત્ય ડિજીટલ એગ્રીમીડીયા, ૬૦૫, શાલીન કોમ્પલેક્ષ, સેકટર–૧૧, ગાંધીનગર–૩૮૨૦૧૧ને મોકલી આપવા વિનંતી છે. સંપર્ક : શ્રી જગદીશ ધાનાણી, મો.૯૪૨૭૦ ૫૦૭૩૩, contact@digitalagrimedia.com, Jagdishdhanani@gmail.com

ઉપરોકત પરિપત્ર મા.કુલપતિશ્રીની મંજૂરીથી યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/૭૬૬–૮૧૫/૨૦૧૩
નવસારી તા. ૧૯/૦૨/૨૦૧૩

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

**નકલ રવાના પ્રતિ :**
ડિજીટલ એગ્રીમીડીયા, ૬૦૫, શાલીન કોમ્પલેક્ષ, સેકટર–૧૧ ગાંધીનગર–૩૮૨૦૧૧ તરફ જાણ થવા સારૂં.